RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 291* Date: 18.08.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


### દેશમાં પાંચ મહિના બાદ કોરોનાના દૈનિક કેસોમાં સૌથી મોટો ઘટાડો

# રેકોર્ડઃ ૨૪ કલાકમાં ૮૮ લાખથી વધુ લોકોને રસી વેક્સિન અપાઇ

## ૨૫૧૬૬ પોઝિટિવ કેસ નોંધાયા જ્યારે ૪૩૭ લોકોના મોત નિપજ્યા, અત્યાર સુધી દેશમાં ૫૫.૪૭ કરોડ લોકોને કોરોના વેક્સિન અપાઇ

*ન્યુ દિલ્હી,તા.૧૭*

કોરોના વાયરસના તાજા આંકડાએ મોટી રાહત આપી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૫,૧૬૬ દર્દીઓ નોંધાયા છે. નવા કેસનો આ આંકડો છેલ્લા ૧૫૪ દિવસમાં સૌથી ઓછો જોવા મળ્યો છે. છેલ્લા ૫૦ દિવસથી સતત ૫૦ હજારથી ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. એક્ટિવ કેસ ઘટીને ૩,૬૯,૮૪૬ થયા છે. જે ૧૪૬ દિવસમાં સૌથી ઓછા છે. કોવિડ-૧૯નો રિકવરી દર ૯૭.૫૧ ટકા થયો છે.

જે નવા કેસ નોંધાયા છે તેમાંથી સૌથી વધુ કેસ કેરળના છે જ્યાં ૧૨૨૯૪ નવા દર્દીઓ નોંધાયા છે. દેશમાં એક દિવસમાં કુલ ૪૩૭ લોકોના કોરોનાથી મોત થયા જેમાંથી કેરળમાં ૧૪૨ દર્દીઓએ દમ તોડ્યો. મહારાષ્ટ્રમાં ૧૦૦ દર્દીઓના મોત થયા. દેશમાં કોવિડ-૧૯થી મૃત્યુદર લગભગ ૧.૩૪ ટકા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સવારે કહ્યું કે રાજ્યોને અત્યાર સુધીમાં રસીના ૫૬.૮૧ કરોડ ડોઝ અપલબ્ધ કરાવવામાં આવેલા છે. જેમાંથી સવા બે કરોડથી વધુ ડોઝ હજુ પણ રાજ્યો તથા ખાનગી હોસ્પિટલો પાસે ઉપલબ્ધ છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટ કરીને એક વિશેષ ઉપલબ્ધની વાત કરી. ભારતે એક જ દિવસમાં ૮૮.૧૩ લાખ લોકોને કોરોના રસીના ડોઝ આપવાનો રેકોર્ડ બનાવ્યો છે.

૧૬ ઓગસ્ટે ૩૨,૯૩૭ નવા કેસ નોંધાયા હતા જ્યારે એક દિવસમાં ૪૧૭ લોકોના મોત થયા હતા. તે અગાઉ ૧૫ ઓગસ્ટે ૩૬,૦૮૩ નવા કેસ અને ૪૯૩ મૃત્યુ, ૧૪ ઓગસ્ટના રોજ ૩૮,૬૬૭ નવા કેસ, ૪૭૮ મૃત્યુ, ૧૩ ઓગસ્ટે ૪૦,૧૨૦ નવા કેસ અને ૫૮૫ લોકોના મૃત્યુ, જ્યારે ૧૨ ઓગસ્ટના રોજ ૪૧,૧૯૫ નવા દર્દીઓ અને ૪૯૦ લોકોના કોરોનાના કારણે મોત થયા હતા.

માર્ચ ૨૦૨૦ બાદ કોરોનાથી રિકવર થવાનો દર દેશમાં સૌથી વધુ છે અને તે ૯૭.૫૧ ટકા સુધી પહોંચી ગયો છે. સાપ્તાહિક સંક્રમણ દરની વાત કરીએ તો તે ૧.૯૮ ટકા છે કે જે સતત ૫૩ દિવસથી ૩ ટકાથી નીચે છે. રોજ સંક્રમણ દર પણ ૧.૬૧ ટકા છે કે જે સતત ૨૨ દિવસથી ૩ ટકાથી ઓછો છે. દેશમાં કોરોના ટેસ્ટીંગની વાત કરીએ તો અત્યાર સુધી કુલ ૪૯.૬૬ કરોડના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં અપાયેલી ૮૮.૧૩ લાખ રસી બાદ હવે દેશમાં ૫૫.૪૭ કરોડ લોકોને વેક્સિન અપાઈ ચૂકી છે. જેમાંથી ૪૩.૧૨ કરોડ લોકોને પ્રથમ ડોઝ અપાયો છે અને ૧૨.૩૫ કરોડ લોકોને બન્ને ડોઝ લાગી ચૂક્યાં છે. વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, દેશભરમાં અત્યાર સુધી ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં ૫.૯૮ કરોડ લોકોને રસી



અપાઈ ચૂકી છે. જે બાદ બીજા નંબરે મહારાષ્ટ્ર છે, જ્યાં ૫ કરોડથી વધુ લોકોને વેક્સિન અપાઇ છે. ત્રીજા નંબર પર ગુજરાત છે, જ્યાં ૪.૦૭ કરોડ લોકોને રસી આપવામાં આવી છે. ૩.૮૪ કરોડ સાથે મધ્યપ્રદેશ ચોથા સ્થાને અને પાંચમા ક્રમે ૩.૮૦ કરોડ લોકો સાથે રાજસ્થાન છે.

### વિદેશ મંત્રાલયના પ્રવક્તાનું નિવેદન

## અફઘાનિસ્તાનમાં ભારતના રાજદૂત અને કર્મચારીઓને તાત્કાલિક ભારત લવાશે

કાબૂલ,તા.૧૭

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ તમામ દેશ પોત-પોતાના લોકોને ત્યાંથી સુરક્ષિત નીકાળવામાં લાગ્યા છે. અફઘાનિસ્તાનમાં અનેક ભારતીય લોકો ફસાયેલા છે. જો કે સરકાર તરફથી આ લોકોની સંખ્યા વિશે જણાવવામાં આવ્યું નથી. આ દરમિયાન સરકારે જાહેરાત કરી છે કે કાબુલ સ્થિત ભારતના દૂતાવાસના તમામ કર્મચારી અને રાજદૂત તાત્કાલિક ભારત પરત ફરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, વર્તમાન પરિસ્થિતિઓને જોતા એ નિર્ણય લેવામાં આવ્યો છે કે કાબુલમાં આપણા રાજદૂત અને કર્મચારીઓને તાત્કાલિક ભારત લાવવામાં આવશે.

આ પહેલા અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ સહિત ત્યાંના અન્ય વિસ્તારોમાં ફસાયેલા ભારતીયોને નીકાળવા માટે વાયુસેનાના ૨ ઝ-૧૭ ગ્લોબમાસ્ટર વિમાનો મોકલવામાં આવ્યા હતા. આમાંથી એકે રવિવાર રાત્રે ઉડાન ભરી અને કાબુલથી કેટલાક લોકોને લઈને સોમવાર સવારે ભારત પહોંચ્યું. બીજા વિમાને મંગળવારના સવારે કાબુલથી લગભગ ૧૩૦ લોકોને લઈને ઉડાન ભરી. આ દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તે અફઘાનિસ્તાથી પરત ફરનારા નાગરિકોના સંપર્કમાં છે.

આ ઉપરાંત અફઘાનિસ્તાનમાં રહેતા શીખ અને હિંદુ સમુદાયના પ્રતિનિધિઓ સાથે પણ સરકાર તરફથી સંપર્ક કરવામાં આવી રહ્યો છે. વિદેશ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે જે લોકો અફઘાનિસ્તાન છોડવા ઈચ્છે છે તેમને ભારત આવવામાં અમે મદદ કરીશું. સરકારે કહ્યું છે કે તે અફઘાનિસ્તાનની સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. વિદેશ મંત્રાલય તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનમાં અત્યારે પણ કેટલાક ભારતીય છે જે પરત ફરવા ઈચ્છે છે અને અમે તેમની સાથે સંપર્કમાં છીએ.

### કોરોના કેસ ઘટતા અમેરિકાએ ભારતને લેવલ-૨ની શ્રેણીમાં મૂક્યું

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકાએ ભારત માટે ટ્રાવેલ એડવાઈઝરીમાં ઢીલ આપી છે અને હવે ભારતને લેવલ-૨ની શ્રેણીમાં રાખવામાં આવ્યુ છે જેને સુરક્ષિત માનવામાં આવે છે. ભારતમાં કોરોનાની સ્થિતિમાં સુધારો થયા બાદ અમેરિકાએ આ નિર્ણય લીધો છે. આ વર્ષની શરૂઆતમાં અમેરિકાએ ભારતને લેવલ-૪ની શ્રેણીમાં રાખ્યુ હતુ અને ભારતીય યાત્રીઓને અમેરિકાની યાત્રા ન કરવા માટે કહ્યુ હતુ. વાસ્તવમાં ભારતમાં કોરોનાની બીજી લહેરના કારણે સંક્રમણના કેસ ઘણા વધુ હતા જેના કારણે અમેરિકાએ ભારતીય યાત્રીએ પર પ્રતિબંધ લગાવી રાખ્યો હતો. હવે સેન્ટર ફૉર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શને ભારતને લેવલ-૨ની શ્રેણીમાં રાખ્યુ છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટ તરફથી કહેવામાં આવ્યુ છે કે જેને એફડીએએ મંજૂરી આપી છે એવી વેક્સીનના બંને ડોઝ જો તમે લઈ લીધા હોય અને કોરોનાના ગંભીર લક્ષણો ઓછા દેખાઈ રહ્યા હોય તો તમને કોવિડ-૧૯નુ સંક્રમણ થવાનુ જોખમ ઓછુ છે.

## ભારતે અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ e-Emergency X-Misc Visa શરૂ કર્યા

ન્યુ દિલ્હી,તા.૧૭

અફઘાનિસ્તાનમાં વર્તમાન સ્થિતિને જોતા ત્યાંથી ભારત આવવાની ઈચ્છા રાખનારા અફઘાન નાગરિકોની અરજીઓ પર જલદી નિર્ણય માટે વિઝાની નવી શ્રેણીની મંગળવારના ગૃહમંત્રાલયે જાહેરાત કરી છે. અફઘાનિસ્તાનાં તાલિબાનના સત્તા પર કબજો જમાવ્યાના ૨ દિવસ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. ગૃહમંત્રાલયના એક પ્રવક્તાએ કહ્યુ કે, ગૃહમંત્રાલયે અફઘાનિસ્તાનમાં વર્તમાન સ્થિતિને જોતા વિઝા જોગવાઈઓની સમીક્ષા કરી છે.

ભારતમાં પ્રવેશ માટે વિઝા અરજીઓ પર જલદી નિર્ણય લેવા માટે ઈ-ઈમરજન્સી અને અન્ય વિઝાની નવી શ્રેણી બનાવવામાં આવી છે. હજારો અફઘાન નાગરિકો સોમવારના કાબુલના એરપોર્ટ પર ઉમટી પડ્યા. આમાંથી કેટલાક તાલિબાનથી બચીને ભાગવા માટે સેનાના એક વિમાન પર ચઢી ગયા. અમેરિકન અધિકારીઓએ જણાવ્યું કે, અંધાધૂંધીની સ્થિતિમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા હતા. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ તમામ દેશો પોત-પોતાના દેશોને ત્યાંથી સુરક્ષિત નીકાળવામાં લાગ્યા છે.

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ તમામ દેશ પોત-પોતાના નાગરિકોને ત્યાંથી સુરક્ષિત નીકાળવામાં લાગ્યા છે. અફઘાનિસ્તાનમાં અનેક ભારતીયો ફસાયેલા છે. જો કે સરકાર તરફથી આ લોકોની સંખ્યા વિશે જણાવવામાં આવ્યું નથી. ભારતીય વાયુસેનાના ૨ વિમાનો કાબુલથી ભારતીય દૂતાવાસના તમામ કર્મચારી, રાજદૂત અને લોકોને પરત લાવી રહ્યા છે.

**વિદેશ મંત્રાલયે જારી કર્યા હેલ્પલાઈન નંબર**

અફઘાનિસ્તાનમાં બગડતી પરિસ્થિતિને જોતા ભારતીય વિદેશ મંત્રાલયે ત્યાંથી ભારતીયને નીકાળવા માટે હેલ્પલાઈન નંબર જારી કર્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યુ કે અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકોને કાઢવા માટે અફઘાનિસ્તાન સેલ બનાવવામાં આવી છે. જો કોઈને પણ મદદ જોઈએ તો તેઓ ફોન કે ઈમેલ કરી શકે છે. અગાઉ અરિંદમ બાગચીએ જણાવ્યુ હતુ કે ભારત પહેલેથી જ અફઘાન શીખ અને હિંદુ સમુદાયોના પ્રતિનિધિઓ સાથે સંપર્કમાં છે.

**કાબુલના ગુરુદ્વારામાં ૩૨૦થી વધુ હિન્દુ-સિખોએ શરણ લીધી**

કાબુલના ગુરુદ્વારામાં ૩૨૦થી વધુ હિન્દુ-સિખોએ શરણ લીધી દિલ્હી સિખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ મનજિંદર સિંહ સરસાએ દાવો કર્યો કે કાબુલના ગુરુદ્વારાકરતા પરવનમાં કેટલાય હિન્દુઓ અને સિખોએ શરણ લીધી છે. તેમણે જણાવ્યું કે તેઓ અફઘાનિસ્તાનમાં સિખો અને હિન્દુઓ સહિત અલ્પસંખ્યક સમુદાયોની સુરક્ષાને લઈને કાબુલ ગુરુદ્વારા કમિટીના અધ્યક્ષ સાથે સતત સંપર્કમાં છે. મનજિંદર સિંહ સિરસાએ જણાવ્યું કે, 'હું કાબુલ ગુરુદ્વારા કમિટીના અધ્યક્ષ અને સંગત સાથે સતત સંપર્કમાં છું. તેમણે મને જણાવ્યું કે ૩૨૦થી વધુ લોકો કરતા પરવન ગુરુદ્વારામાં છે. જેમાં ૫૦ જેટલા હિન્દુઓ અને ૨૭૦થી વધુ સિખ છે.

### કોરોનાનો એક કેસ મળતાં ન્યૂઝીલેન્ડે સમગ્ર દેશમાં લોકડાઉનની કરી જાહેરાત

વેલિંગ્ટન,તા.૧૭

સમગ્ર વિશ્વમાં હજુ પણ કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે. ઘણા દેશોમાં તો ખતરનાક ડેલ્ટાવેરિએન્ટે પણ તબાહી મચાવી છે. ત્યારે આ વચ્ચે ન્યૂઝીલેન્ડમાંથી સૌથી મોટા અહેવાલ આવ્યા છે. જેમાં ન્યુઝિલેન્ડમાં કોરોનાનો એક સામે આવવાથી સરકારે ખતરો ટાળવા ત્રણ દિવસનું સખ્ત લોકડાઉન જાહેર કર્યું છે. આ શંકાસ્પદ કેસ ડેલ્ટા વેરીએન્ટ હોય તેવું પ્રાથમિક તારણ આવ્યું છે, જેથી કરીને આ વાયરસ વધુના ફેલાય તે માટે ન્યૂઝીલેન્ડની પ્રધાન મંત્રી જેસિંડા અર્ડેને લોકડાઉનની જાહેરાત કરી છે. પીએમે જણાવ્યું કે છેલ્લા ૬ મહિનામાં કોઈ કેસ સામે આવ્યો નથી, પરંતુ કોઈ ચાન્સ લેવા માંગતા નથી.માહિતી અનુસાર, કોવિડ -૧૯ નો આ નવો કેસ ઓકલેન્ડમાં સામે આવ્યો છે. આ પછી, વડા પ્રધાન જેસિન્ડા આર્ડર્ને ઓકલેન્ડમાં સાત દિવસ અને અન્ય શહેરોમાં ત્રણ દિવસનું લોકડાઉન જાહેર કર્યું.

### છેલ્લા ૮ મહિનામાં બાટલામાં ૧૬૫.૫૦નો ભાવ વધારો થયો

## રાંધણ ગેસ સિલિન્ડના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો ઝીંકાયો

ન્યુ દિલ્હી,તા.૧૭

રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ફરીથી એક વાર વધારો કરવામાં આવ્યો છે. આ વખતે ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા આઠ મહિનામાં રાંધણ ગેસ સિલિન્ડર ૧૬૮ રૂપિયા મોંઘુ થઈ ચૂક્યુ છે. કૉમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તમને જણાવી દઈએ કે સોમવારે જ નાણામંત્રી સીતારમણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાનો ઈનકાર કરી દીધો હતો અને તેના બીજા જ દિવસે રાંધણ ગેસના ભાવમાં વધારો ઝીકવામાં આવ્યો છે. નોંધનીય છે કે અત્યાર સુધી ૧૪.૨૦ કિલોગ્રામના સિલિન્ડરના ભાવ ૮૩૮.૫૦ રૂપિયા હતાજે ૨૫ રૂપિયાના વધારા બાદ ૮૬૩.૫૦ રૂપિયા થઈ ગયા છે. આ વર્ષે



જાન્યુઆરીમાં સિલિન્ડરની કિંમત ૭૦૭ રૂપિયા આસપાસ હતી જે આઠ મહિનામાં વધીને ૮૬૩.૫૦ રૂપિયા થઈ ગઈ છે. નવા દર મંગળવાર એટલે કે આજથી લાગુ થશે. એક ઓગસ્ટે જ કૉમર્શિયલ સિલિન્ડર પર ૭૨.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. હજુ સુધી કેટલી સબસિડી ખાતામાં પહોંચશે એ નક્કી નથી. ૧૯ કિગ્રાવાળા કૉમર્શિયલ ગેસ સિલિન્ડ ૧૬૪૪.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હશે. ઉલ્લેખનીય છે કે એક વર્ષમાં પ્રત્યેક ગેસ કનેક્શન માટે ૧૪.૨ કિલોગ્રામના ૧૨ સિલિન્ડરો પર સરકાર સબસિડી આપે છે. ગ્રાહકોએ દરેક સિલિન્ડરની કિંમત ચૂકાવવાની હોય છે. બાદમાં સબસિડીના પૈસા ખાતામાં પાછા આવી જાય છે. જો ગ્રાહક આનાથી વધુ સિલિન્ડર લેવા માંગે તો તેણે બજાર કિંમતે ખરીદવા પડે છે.


ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...


### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૨૧૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૯૫૬

## તંત્રી સ્થાનેથી...

# ગોલ્ડ મેડલ મેળવવા અમેરિકા અને ચીનથી શીખવાની જરૂર.....!

*ભારત સ્પોર્ટ્સ ક્ષેત્રે ગોલ્ડ મેડલ સહિતના વિવિધ મેડલ મેળવવામાં પાછળ કેમ રહે છે તેનો કોઈએ કદી વિચાર કર્યો છે ખરો.....? સામાન્ય રમતપ્રેમીઓ વચ્ચે એક જ વાત થતી રહે છે તે આપણા દેશમાં ક્રિકેટ સિવાય કોઈ રમતને મહત્વ આપવામાં આવતું નથી. પરંતુ આ અધુરી બાબત છે. પશ્ચિમ બંગાળમા ક્રિકેટ જેવુ જ મહત્વ ફૂટબોલની રમતનુ છે.અહીના મોટાભાગના લોકોમા પ્રિય છે. અને તેમાં પણ બીપી ફૂટ બોલ સ્પર્ધાનું મહત્વ વિશેષ છે. ઉપરાંત પશ્ચિમ બંગાળની અનેક શાળા-કોલેજોમાં ફૂટબોલ ગ્રાઉન્ડ છે તો ફૂટબોલની તાલીમ આપવા આપતા કોચ પણ છે. અહી શાળા કોલેજમાં વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાય છે તેમાં ફૂટબોલને સ્થાન હોય છે. ત્યારે લગભગ ભારતમાં ક્રિકેટનું મહત્વ રહ્યું છે અને ક્રિકેટના મહત્વનું કારણ ભારતના લોકો પર અઅંગ્રેજોએ થોપી બેસાડેલ રમત છે. આ બાબતને એટલા માટે શબ્દ દેહ આપવા તૈયાર થયા કે તાજેતરમાં આપણા છુપાયેલા ગ્રામ્ય રત્નોએ કે જેના માટે સરકારે કોઈ સહાય કે મદદ કરેલ નથી અને સ્વયં ખેતરમાં કામ કરતો એક રમતવીર તૈયાર થયો અને વિશ્વ કક્ષાએ સ્પોર્ટ્સમાં ગોલ્ડમેડલ મેળવી ભારતને નામના અપાવી. તેની સાથે અન્ય બે સ્પોર્ટ્સમેન પણ મેડલો મેળવવામાં ભાગ્યશાળી સાબિત થયા. તેમાં પણ નિરજ ચોપરાએ ભાલા ફેંકમાં મેડલ મેળવીને ભારતની આદી અનાદીકાળની રમતની યાદ અપાવી દીધી. ભારતમાં હોકીનુ પણ અનેરૂ અદકેરું સ્થાન છે જે ખાસ તો પંજાબ, હરિયાણા યુવાનો વિશેષ પસંદ કરે છે. અહીયા હોકી રમત માટે અનેક સ્થળે મેદાનો છે અને વિવિધ સંસ્થાઓ તેમજ શાળા- કોલેજો વચ્ચે સ્પર્ધાઓ પણ યોજાય છે. ભારતની હોકી ટીમ વિશ્વ સ્તરે પહોંચીને જે તે દેશો સામે સ્પર્ધામાં ભાગ લીધો છે અને તેમાં સફળતા પણ મળી છે. પરંતુ તકલીફ એ રહી છે કે અંગ્રેજોએ જે ભારતીયોને ક્રિકેટનુ ભૂત વળગાડ દીધું છે. અંગ્રેજોએ અન્ય આપણી મૂળ રમતો ભુલાવી દીધી જેથી નજરમાં આવતી નથી. પરિણામે જે તે હોકી ટીમો, ફૂટબોલ ટીમો કે તેના ખેલાડીઓનું જે તે રાજ્ય કક્ષાએ ભારે સ્વાગત-બહુમાન કરવામાં આવતું રહ્યું છે પરંતુ રાષ્ટ્રીય કક્ષાએ રાજકારણે કદી મહત્વ આપ્યું નથી તે સ્પષ્ટ હકીકત છે. જોકે અપવાદરૂપ નિરજ ચોપડા બન્યો જેને ગોલ્ડ મેડલ મેળવી વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું. ભારત સરકાર અને રાજ્ય સરકારે પણ તેની નોંધ લઇને ખેલાડીઓને પ્રોત્સાહન મળે તેવા માન-અકરામ આપ્યા. તો મોદી સરકારે ધ્યાનચંદ જેવા વફાદાર ચીથરામા વીટળાઈ ચૂકેલા હોકીના મહારાજા ધ્યાનચંદને નામે એવોર્ડ આપવા સાથે કાયમી એવોર્ડ તરીકે જાહેરાત કરી સાચા અર્થમાં સ્નેહાજલિ આપી છે......!*

*અહી સવાલ એ છે કે રાજકારણીઓના આંધળા પાટાની રમતમાં કેટલા પ્રકારના રમતવીરો ભો મા ભંડારાઈ ગયા હશે....? ભગવાન કૃષ્ણના સમયમા ગેડી દડો રમાતો હતો તો અહી આથી અનાદીકાળથી પરંપરા હતી તીર કામઠા અને ભાલા ફકની ત્યારે જે તે રાજા- રજવાડાઓ માં કુસ્તીબાજોને મહત્ત્વ સવિશેષ હતું અને તમામ રમતવીરોને જે તે રાજ- રજવાડા ખાસ મહત્ત્વ આપતા હતા તો તેને પ્રોત્સાહન આપતા અને તેને માટે ખાસ તાલીમ શાળાઓ પણ હતી. પરંતુ અંગ્રેજોના શાસનમાં અંગ્રેજોએ પ્રજા વચ્ચે સીધા સંપર્ક માટે ક્રિકેટને માધ્યમ બનાવ્યું અને મહત્વ આપ્યું પરંતુ કાળની ગતી ન્યારી કે અંગ્રેજોએ પોતાના સ્વાર્થને કારણે માત્ર ક્રિકેટની રમતનેજ મહત્વ આપ્યું. જ્યારે કે શરીરને શસક્ત બનાવતી, તંદુરસ્તી જાળવી રાખતી યુવાનોને તમામ રીતે મજબૂત બનાવતી રમત-ગમતોને ખાસ મહત્વ ન આપ્યું અને તે રમતો ગામડાઓ કે નાના શહેર પૂરતી સીમિત રહી ગઈ છે... જે હકીકત છે. આજે રમત-ગમત ક્ષેત્રે યુવાઓના તન, મન, મગજને મજબૂત બનાવતી રમતો. ખોખો, લંગડી, હુતુ તુ તુ, પકડદાવ, લુપા છુપી, દોરડા કૂદ, ઊંચો તથા લાંબો કૂદકો સહિતની રમતો પૈકી મોટાભાગની ગુમ છે કે કાળની ગર્તામાં ધકેલાઈ ગઈ છે.....! જો કે કેટલીક શાળાઓ સુધી સીમિત રહી ગઈ છે.... ત્યારે હવે અમેરિકા, ચીન, જાપાન કે જે તે દેશોની જેમ સ્પોર્ટ્સ મેડલો મેળવવા હશે તો તમામ પ્રકારની રમતોને તમામ પ્રકારનું પ્રોત્સાહન તથા સહાય આપવા સાથે તાલીમ પણ આપવી પડશે.... તો ક્રિકેટનું મહત્વ પણ ઓછું કરવું જરૂરી છે... કારણ સમયની વધુ બરબાદી થાય છે... જ્યારે કે ફૂટબોલ ૯૦ મિનિટની રમત છે. ત્યારે એક જ સવાલ શું આપણે વિશ્વસ્તરે સ્પોર્ટ્સ મેડલ મેળવવા માંગીએ છીએ.....? તો આવો સંયુક્ત રીતે પ્રયાસ કરીએ....!*

# બીજી લહેર દરમિયાન કોરોનાની સારવાર માટે પરિવર્તિત કરાયેલ રાજ્યભરની હોસ્પિટલ્સની તમામ કામગીરી પૂર્વવત થઈ :-નાયબ મુખ્યમંત્રી શ્રી



નાયબ મુખ્યમંત્રી અને રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજ્યભરમાં કોરોના રસીકરની કામગીરી સુપેરે ચાલી રહી હોવાનું જણાવૂ નાગરિકોમાં કોરોના રસીકરણ માટે ઉત્સાહ જોવા મળી રહ્યો હોવાનું કહ્યું હતું. તેઓએ એમ પણ કહ્યું કે, રાજ્યમાં દરરોજ ૬ લાખ થી વધુ વ્યક્તિઓ કોરોના રસીકરણનો લાભ મેળવી રહ્યા છે. આ વાત તેઓએ અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં જયારે કોરોનાની રસીનો બીજો ડોઝ લેવા પહોંચ્યા ત્યારે મીડિયાના પ્રતિનિધિઓ સાથેના સંવાદમાં કહી હતી.

તેઓએ ગૌરવભેર જણાવ્યું કે, રાજ્યના ૪ કરોડથી વધુ નાગરિકો કોરોનાની રસીનો પ્રથમ અથવા બીજો ડોઝ મેળવી ચૂક્યા છે જેના આધારે ગુજરાત રાજ્ય કોરોના રસીકરણમાં પ્રતિ મિલિયન અને વસ્તિની દ્રષ્ટિએ દેશમાં મોખરે રહ્યું છે.

કોરોના રસીકરણ સાથે સંકળાયેલા તમામ મેડીકલ અને પેરામેડિકલ સ્ટાફમિત્રોને આ અનેરી સિધ્ધિ માટે નાયબ મુખ્યમંત્રી શ્રી એ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યભરમાં ૨૫૦૦ થી વધુ કોરોના રસીકરણ કેન્દ્રો પર મેડીકલ અને પેરામેડીકલ દ્વારા કોરોના રસીકરણની કામગીરીને વ્યાપક બનાવવામાં આવી છે. સમગ્રતયા સંચાલન સુપેરે કરીને આ સિધ્ધી પ્રાપ્ત થઇ છે. કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે કોરોના રસીકરણના માટેના વધુમાં વધુ જથ્થો ગુજરાત રાજ્યને પુરતો પાડીને રાજ્યના કોરોના રસીકરણ અભિયાનને વ્યાપક બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. નાયબ મુખ્યમંત્રી શ્રીએ કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાનો પણ આ પ્રસંગે આભાર વ્યક્ત કર્યો હતો.

હાલ આરોગ્ય વિભાગ પાસે ૧૩ લાખ જેટલા કોરોનાની રસીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવી નાયબ મુખ્યમંત્રી શ્રી એ કહ્યુ કે, આજે પણ ૬ લાખ જેટલા નાગરિકોને કોરોનાની રસી આપીને સુરક્ષિત કરવામાં આવશે.તેઓએ નાગિરકોને કોરોના રસીકરણ અભિયાનમાં જોડાઈને જલ્દીથી વેક્સિન લઈને કોરોના સામે સુરક્ષિત થવા અપીલ કરી હતી.

વેક્સિનેશનની સફળ કામગીરીના પરિણામે જ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્યમાં કોરોનાના કેસમાં ઘરખમ ઘટાડો નોંધાયો છે. જેના પરિણામે કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલમાં પરિવર્તિત કરાયેલ રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, મેડિકલ કૉલેજ સહિત અન્ય ખાનગી હોસ્પિટલમાં પણ ઓ.પી.ડી., સર્જરી, આઈ.પી.ડી. જેવી સેવાઓ પૂર્વવત થઈ છે. સોલા સિવિલ હોસ્પિટલના સંદર્ભમા તેઓએ દરરોજ ૧૫૦૦થી ૨૦૦૦ દર્દીઓ સારવાર અર્થે હોસ્પિટલમાં આવતા હોવાનું જણાવ્યું હતુ.

મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાને સંકલિત કરીને પી.એમ. જે. વાય . યોજનામાં આવરી લેવામાં આવી છે જેનો લાભ પણ રાજ્યભરની હોસ્પિટલમાં દર્દીઓ મોટી સંખ્યામાં લઈ રહ્યા છે.

-અમિતસિંહ ચૌહાણ

# જીટીયુ દ્વારા ૭૫માં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા ૭૫માં સ્વતંત્રતા પર્વની ઉજવણી ભારે હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી. જીટીયુના કુલપતિ પ્રો?. ડૉ. નવીન શેઠના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેર , કેચ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી ભરતસિંહ સિસોદિયા તેમજ જીટીયુના સ્ટાફ ગણ દ્વારા ભારતમાતા પૂજન કરીને રાષ્ટ્ર પ્રત્યેની મૂળભૂત ફરજ અદા કરવામાં આવી હતી. ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૪ ઓગસ્ટના દિવસને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે જાહેર કરવાના નિર્ણયને કુલપતિશ્રી દ્વારા વધાવી લઈને? જણાવ્યું હતું કે, સમાજમાં રહેલ ભેદભાવ અને વૈમનસ્ય દૂર કરવા તથા એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાના મૂલ્યોને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ' દિવસની ઉજવણી થકીઉજાગર કરી શકાશે.આવનારી પેઢીમાં પણ દેશપ્રેમની લાગણી વિકસીત થાય અને સ્વતંત્રતા ચળવળ તથા આઝાદીના ઈતિહાસને જાણે તે માટે નાનાં બાળકોને પણ આ પ્રસંગે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.વધુમાં જીટીયુ ખાતે અભ્યાસ કરતાં વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રગાન ગાઈને અનોખી રીતે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઇ હતી.

# અમદાવાદ આર.ટી.ઓ.માં મોટરકાર અને મોટર સાયકલની નવી સિરિઝ માટે ઇ ઓકશન શરૂ થશે

આર.ટી.ઓ. અમદાવાદ દ્વારા લાગતા વળગતા તમામ વાહનોના માલિકોને જણાવવામાં આવે છે કે,અત્રેની કચેરીમાં L.M.V.CAR માં હાલની સિરીઝ GJ01- ઉઝટુંક સમયમાં પૂરી થનાર હોવાથી નવી સિરીઝ ય્ત્ન૦૧- ઉઢમાટે ગોલ્ડ્ન- સિલ્વર નંબરોનું ઇ ઓક્સન શરૂ કરવામાં કરવામાં આવશે. ટૂ અને થ્રી વ્હીલરના ગોલ્ડન નંબર મેળવવા માટે રૂ. ૮૦૦૦ અને ફોર વ્હીલર માટે ૪૦૦૦૦ તથા સિલ્વર નંબરો માટે ૩૫૦૦ અને ૧૫૦૦૦ અને અન્ય નંબરો માટે ૨૦૦૦ અને ૮૦૦૦ દર નક્કી કરવામાં આવ્યા છે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે ઓનલાઇન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. તા.૦૨/૦૯/૨૦૨૧ થી તા. ૦૪/૦૯/૨૦૨૧ સુધી ઓનલાઇન નંબર રજિસ્ટ્રેશન કરાવવાનો રહેશે.ઇ ઓક્સન તા. ૦૫/૦૯/૨૦૨૧ થી શરૂ થઈને ૦૭/૦૯/૨૦૨૧ સુધી બંધ થશે વાહન માલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી h t t p : / / vahan.parivahan.gov.in/fancyપર રજિસ્ટ્રેશન કરી ઇ-ઓક્શનમાં ભાગ લઇ શકશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઇન્વોઇસની તારીખ અથવા વીમાની તારીખે એ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી સાત દિવસની અંદર રજૂ કરવાની રહેશે. અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી તે અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદારશ્રી પોતાની પસંદગીનો કોઈપણ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરમાંથી અરજદારશ્રીને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહીં. તો અરજી તારીખથી ગણતા ૬૦ માં દિવસે એટલે કે છેલ્લા દિવસે રજીસ્ટ્રીંગ ઓથોરીટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર પાડવામાં આવશે. જેની સામે કોઈપણ અરજદારશ્રી કોઈ વાંધો લઇ શકશે નહીં અને પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં બીડ એમાઉન્ટમાં નાણાં જમા કરાવવાના રહેશે.અરજદારશ્રી જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

# અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના કુબડથલ ખાતે સ્વાતંત્ર્ય-પર્વમાં મંત્રી શ્રી વિભાવરીબહેન દવેની પ્રેરક ઉપસ્થિતિ

ગુજરાતના પનોતા પુત્ર સરદારે ભારતને એક કર્યું, જયારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ભારતને શ્રેષ્ઠ બનાવ્યું છે,તેમ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું. અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના કુબડથલ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના અવસરે સંબોધતા મંત્રીશ્રીએ કહ્યું કે, નરેન્દ્રભાઈ એ ગુજરાતને ઉત્તમ બનાવ્યું છેઅને હવે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સર્વોત્તમ બનાવવા ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. વિભાવરીબેન દવે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજે આપણે બધા ઉન્નત મસ્તકે આઝાદ ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ એની પાછળ લાખો નામી-અનામી મહાન સ્વાતંત્ર્ય વીરોના બલિદાન અને તપસ્યાની ત્રિવેણી વહી રહી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે ,ગાંધીજી, સરદાર , શ્યામજી કૃષ્ણ વર્મા અને સાવરકર જેવા મહાપુરુષોએ દેશને ગુલામીની જંજીરોમાંમાંથી મુકત કરાવવા માટે જબરદસ્ત સંઘર્ષ કર્યો હતો.જેના પરિણામે આજે આપણને આઝાદ ભારતના સંતાન હોવાનું સદભાગ્ય સાંપડયું છે. શ્રી વિભાવરીબહેને આ અવસરે નવ દિવસના ગુજરાત સરકારના જનસેવા યજ્ઞનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે નવ દિવસ વિકાસની આરાધના કરી ૧૬ હજારથી વધુ વિકાસ કાર્યો પ્રજાને સમર્પિત કર્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, આ સેવાયજ્ઞમાં ગુજરાતના ૪૮ લાખ ૫૬ હજાર નાગરિકોને વિવિધ યોજના અન્વયે રુપિયા ૧૩ હજાર કરોડના વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી છે. શ્રી વિભાવરીબહેને રાજ્ય સરકારની નૂતન યોજના ×વતન પ્રેમ×નો પણ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, દેશ અને દુનિયામાં વસતા આપણા ગુજરાતી બાંધવો વતનના વિકાસ માટે યોગદાન આપવાની ઝંખના સેવતા હોય છે, ત્યારે આવા વતનપ્રેમીઓ માટે રાજ્ય સરકારે ×વતન પ્રેમ યોજના× અમલમાં મૂકી છે. જેમાં ગામના રસ્તા, શાળા, દવાખાના મકાન જેવા વિકાસકાર્યો માટે ૬૦ ટકા દાતા તરફથી અને ૪૦ ટકા રકમ સરકાર તરફથી આપવામાં આવશે. મંત્રીશ્રીએ આ તબક્કે અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કાર્યરત ×પ્રોજેક્ટ લાઈફ લાઇન×નો ઉલ્લેખ કરી ગ્રામ્ય વિસ્તારમાં માતા મરણ અટકાવાના જિલ્લા વહીવટી તંત્રના સઘન પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે રાજ્યભરમાં અમદાવાદ જિલ્લા દ્વારા હાથ ધરાયેલી નવતર પહેલને આવકારી હતી. શ્રી વિભાવરીબહેને ગુજરાત સરકાર પર્યાવરણની જાળવણી અને ટકાઉ વિકાસ પ્રત્યે પણ કટિબદ્ધતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ભાવનગરમાં દેશનું સૌ પ્રથમ સીએનજી ટર્મિનલ નિર્માણ પામી રહ્યું છે અને આ સીએનજી ટર્મિનલ દેશના અન્ય રાજ્યો માટે પણ પ્રેરણાસ્ત્રોત સાબિત થશે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સ્વાતંત્ર્ય દિનની આન, બાન અને શાન સાથે ઉજવણી

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રાષ્ટ્રના આન, બાન અને શાન સમા ૭૫માં સ્વાતંત્ર્ય પર્વ-૧૫મી ઓગસ્ટની ઉજવણી અંતર્ગત ધ્વજવંદન કરાવતાં આરોગ્યવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે જણાવ્યું કે,કોરોનાકાળમાં સિવિલ હોસ્પિટલની સારવાર પધ્ધતિ રાજ્યની અન્ય હોસ્પિટલો માટે મોડલ રૂપ સાબિત થઇ છે.

શ્રી મનોજ અગ્રવાલે સિવિલ હોસ્પિટલ દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારને શ્રેષ્ઠ બનાવવા હાથ ધરવામાં આવેલી અનેકવિધ પહેલની રૂપરેખા આપી હતી. તેઓએ ગુજરાત રાજ્ય પ્રતિ મિલિયન કોરોના રસીકરણમાં સમગ્ર દેશમાં મોખરે હોવાનું જણાવીને વધુમાં વધુ જલ્દીથી કોરોના રસીકરણ કરાવીને કોરોના સામે સજ્જ બને તેવી અપીલ કરી હતી,.

આ પ્રસંગે તેઓએ કોરોના સામેની લડાઈમાં યોગદાન આપનારા તબીબો, નર્સિંગ સ્ટાફ, સફાઈકર્મીઓ થી લઇ નામી-અનામી વીર શહીદોનું સ્મરણ કરીને તેમના બલિદાનને બિરદાવ્યું હતુ. તેઓએ કોરોનાકાળમાં રાત-દિવસ ખડેપગે રહીને દર્દીનારાયણની સેવા કરનાર તમામ મેડિકલ-પેરામેડિકલ સ્ટાફની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

સચિવશ્રીએ રાજ્ય અને દેશમાં કોરોનાની ત્રીજી લહેર ના આવે તેવી આશા વ્યકત કરી હતી . અને જો કોરોનાની ત્રીજી લહેરનું રાજ્યમાં આગમન પણ થાય તો રાજ્ય સરકાર સંપૂર્ણપણે તેનો સામનો કરવા સજ્જ અને નાગરિકોના જીવ બચાવવા કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતુ.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૮૦ અને ચાંદીમાં રૂ.૨૭૯ની વૃદ્ધિ

## ક્રૂડ તેલમાં નરમાઈ: રબર, કોટનમાં સુધારો: સીપીઓ, મેન્થા તેલ, કપાસ ઢીલા: બુલડેક્સ ફ્યુચર્સમાં ૯૧ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૯૦ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૦,૨૮૬ સોદાઓમાં કુલ રૂ.૧૦,૧૬૬.૭૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૯૧ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૯૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૫૦,૩૪૦ સોદાઓમાં કુલ રૂ.૩,૪૩૨.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૨૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૫૪૯ અને નીચામાં રૂ.૪૭,૧૮૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૦ વધી રૂ.૪૭,૫૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૫૮ વધી રૂ.૩૮,૦૭૪ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૪,૭૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૧૩૨ના ભાવે ખૂલી, રૂ.૨૭૪ વધી રૂ.૪૭,૪૧૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૩,૪૮૩ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૮૬૬ અને નીચામાં રૂ.૬૩,૪૮૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૯ વધી રૂ.૬૩,૭૩૬ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૭૦ વધી રૂ.૬૩,૯૭૯ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૫૭ વધી રૂ.૬૩,૯૭૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૨,૦૬૧ સોદાઓમાં રૂ.૨,૧૪૧.૭૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૬૦ વધી રૂ.૨૦૯.૭૫ અને જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫.૧૫ ઘટી રૂ.૭૨૧.૨૦ અને નિકલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૮ ઘટી રૂ.૧,૪૮૧.૮૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૬,૫૮૪ સોદાઓમાં કુલ રૂ.૨,૪૭૨.૭૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૦૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૦૦૫ અને નીચામાં રૂ.૪,૯૪૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૪,૯૫૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫ ઘટી રૂ.૨૮૯.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૭૧૬ સોદાઓમાં રૂ.૨૨૬.૮૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૭૧ અને નીચામાં રૂ.૧૪૬૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬.૫૦ ઘટી રૂ.૧,૪૬૩.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૮,૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮,૧૪૦ અને નીચામાં રૂ.૧૮,૦૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯ વધી રૂ.૧૮,૧૧૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૮૫.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૯૦ અને નીચામાં રૂ.૧૧૭૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭.૫૦ ઘટી રૂ.૧૧૭૫ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૮૦ ઘટી રૂ.૯૨૨.૬૦ અને કોટન ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૬૦ વધી રૂ.૨૬,૪૧૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્દષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૨૧૯ સોદાઓમાં રૂ.૨,૧૯૮.૫૪ કરોડનાં ૪,૬૩૮.૪૦૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૭,૧૨૧ સોદાઓમાં કુલ રૂ.૧,૨૩૩.૬૪ કરોડનાં ૧૯૨.૯૪૨ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૯૨.૮૭ કરોડનાં ૯,૨૦૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩૦૧.૬૩ કરોડનાં ૧૨,૦૪૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૧૨૭.૬૩ કરોડનાં ૧૫,૫૬૫૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૪૪૨.૨૫ કરોડનાં ૨,૯૮૩.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૭.૩૮ કરોડનાં ૪,૨૭૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૯,૫૬૩ સોદાઓમાં રૂ.૭૨૦.૯૩ કરોડનાં ૧૪,૪૯,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭,૦૨૧ સોદાઓમાં રૂ.૧,૭૫૧.૭૯ કરોડનાં ૬,૦૨,૬૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૪ સોદાઓમાં રૂ.૦.૧૨ કરોડનાં ૧૬ ટન અને કોટનના વાયદાઓમાં ૩૪૮ સોદાઓમાં રૂ.૩૨.૩૦ કરોડનાં ૧૨૨૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૮૬ સોદાઓમાં રૂ.૭.૦૩ કરોડનાં ૭૫.૬ ટન, રબરના વાયદાઓમાં ૨૬ સોદાઓમાં રૂ.૦.૬૫ કરોડનાં ૩૬ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૧૫૨ સોદાઓમાં રૂ.૧૮૬.૭૨ કરોડનાં ૧૬,૦૧૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૩૩૬.૨૦૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૮૮.૭૪૩ ટન, એલ્યુમિનિયમમાં ૧૫,૪૦૫ ટન, જસત વાયદામાં ૧૦,૫૧૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૫,૬૧૭.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૯૦૮.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૫૬૫ ટન, ક્રૂડ તેલમાં ૮,૨૪,૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૦૩,૮૭,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૮૦ ટન, કોટનમાં ૮૮૬૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૪૭.૮૪ ટન, રબરમાં ૧૫૪ ટન, સીપીઓમાં ૮૪,૮૩૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૯૦ સોદાઓમાં રૂ.૧૦૪.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૬૮ સોદાઓમાં રૂ.૪૩.૮૫ કરોડનાં ૬૧૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૨૨ સોદાઓમાં રૂ.૬૦.૨૪ કરોડનાં ૭૬૧ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૨૫૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૭૧ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૨૧૨ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૨૯૪ અને નીચામાં ૧૪,૨૦૩ના સ્તરને સ્પર્શી, ૯૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૮ પોઈન્ટ વધી ૧૪,૨૭૯ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૮૪૬ના સ્તરે ખૂલી, ૯૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૯ પોઈન્ટ ઘટી ૧૫,૭૯૪ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૮,૨૯૫ સોદાઓમાં રૂ.૧,૭૮૯.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૪.૨૧ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૨.૨૪ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૭૧.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ. રચનાઓ
વિષય :." શિવ મહિમા..શ્રાવણ સોમવાર મહત્વ વિષયક રચનાઓ.(૧૮/૮-૨૦૨૧) દિવસ - ૨ ( બીજો દીવસ)

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG સાહિત્ય સરિતા (૧)
NG NO. -- 39
વિષય -- શિવ મહિમા, શ્રાવણી સોમવારનું મહત્વ, શ્રાવણ માસનું મહત્વ....કોઈ પણ
પ્રકાર -- પદ્ય - અછાંદસ
શીર્ષક - ( શિવ મહિમા ) પ્રકૃતિનાં કણ કણમાં તું

ક્ષણમાં તું, કણમાં તું, ધરતીની રજકણમાં તું,
તું જ સત્ય, તું જ શિવ, સૌંદર્ય રૂપે સુન્દરમ તું!
સર્જન અને વિસર્જન શિવ, દેવ અને તત્ત્વ શિવ!
જળમાં તું, સ્થળમાં તું, આભ અને પાતાળમાં તું!
ધોધ રૂપે વહ્યા કરે, પર્વતની ટોચે પલાઠી વાળી બેસે!
ગુફા અને ખીણમાં સંતાય, નદી ને દરિયામાં છલકાય!
વનરાજીમાં વાસ તારો, હર પળમાં સહવાસ તારો!
સર્વત્ર એહસાસ તારો, અત્ર, તત્ર, સર્વત્ર તું!
શિવોહમ્ શિવોહમ્ નાદ તારો! આત્મા અને પરમાત્મા તું!
સત અને અસત ને જાણું, ૐ શિવ, જીવ શિવ પોકારું!
શબ્દમાં શૂન્ય શિવ, તારા થકી આખું વિશ્વ શિવ!
માટી જેવો દેહ મિથ્યા! અંતરનો આત્મા શિવ!
બંધનો ઊભા કરે જીવ, બંધનમુક્ત કરે છે એ શિવ!
જીવ થકી શિવ થયો આખાય બ્રહ્માંડમાં!
જન્મ ધારણ કર્યો વિવિધ રસ ચાખવા.

પ્રફુલ્લા"પ્રસન્ના"અમદાવાદ

( મારાં કી બોર્ડમાં ત ખોડો નથી થઈ શકતો તો માફ કરશો.??)

---

NOG SS NO - 0037
વિષય - શિવ મહિમા.
વિભાગ - પદ્ય. (ધૂન )
શીર્ષક - શ્રાવણ માસે.

શ્રાવણ માસે, સોમનાથ ધામે,
ભાવથી ભજશો,ભોળાનાથ જાગશે,
દર્શન કરો તો બેડો પાર,
સૌ લોક દર્શન કરજો...!
શ્રાવણ માસે સોમનાથ ધામે....!
હરી અને હર જ્યાં સંગે બિરાજે,
મહાસાગર અભિષેક કરે,
બોલો ૐ હર હર મહાદેવ,
સૌ લોક દર્શન કરજો....!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
કપીલા,સરસ્વતીને હિરણ આવે,
આવી,હરી,હરના ચરણ પખાળે,
આવો અદ્ભૂત ત્રિવેણી સંગમ,
સૌ લોક દર્શને આવજો.....!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
દર્શન કરે એનાં કષ્ટ હરી હરશે,
દેવોના દેવ,મહાદેવ,
સૌરાષ્ટ્રે પ્રથમ જ્યોતિર્લિંગ,
સૌ લોક દર્શને આવજો...!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
ધરા અલૌકિક સૃષ્ટિમાં એક છે,
હરી અને હરનો કણ કણમાં વાસ છે,
ભવસાગર તરી જવાય,
સૌ લોક દર્શને આવજો...!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!

હેમલતા દિવેચા ( હેમ )

---

NOG SS NO:004
વિષયઃ શિવ મહિમા,,શ્રાવણી સોમવાર નું મહત્વ..શ્રાવણ માસ મહત્વ.
પ્રકાર-ગદ્ય સ્વાનુભૂતિ
શબ્દોઃ૩૫૦
શીર્ષકઃ શિવ શક્તિનું મહત્વ મારા વિચારે

નાનપણથી જ શિવશંકરની ભક્ત રહી છું.. છતાં શિવશોત્ર કે શિવપુરાણ મોઢે નથી. ભક્તિ એટલી જ કે તેમના પ્રતિક રૂપે તે શિવલિંગને મારું મસ્તક ઝૂકે છે.

સોળ સોમવાર પણ કર્યા એકવાર નહિ અનેકવાર એજ શ્રદ્ધાથી જે મારા હૃદયમાં હતી.છેલ્લીવાર કર્યા ત્યારે તો સાસરે જઈ પૂરા થયાં. સાસરામાં ભક્તિ થાય, શ્રીમદ રાજચંદ્રની તેથી ભરૂચ જઈ ઉજવવા નક્કી કર્યું.ખુશ પણ હતી કે જ્યાંથી પૂજ્યા છે શિવજીને ત્યાં જઈ પૂર્ણ થશે.મારી માતા શિવમહિમા કે શિવોત્ર પૂર્ણ પણે કંઠસ્થ બોલતી. શિવની ભક્તિ કરવી એટલે કુંવારકાઓને મન સારો પતિપરમેશ્વર મળવો. કેવી ભક્તિ હતી આ? ભોળાનાથ તો સર્વેના નાથ. ભારતમાં પૂજાતા ગણેશના પિતા, ગૌરીના પતિ ને કાર્તિકેયના પિતાને ગુરુ.

ભરૂચ જઈ ઉજવ્યા પછી સોમવાર મેં કોઈ સંજોગોમાં ન તોડ્યા, મુશ્કેલીઓનો સામનો કરી જીવન પણ સરળ બનાવતી ગઈ. એક પછી એક જ્યોતિર્લિંગના દર્શને પણ. ગઈ. કેદારનાથ ગઈ તો અદ્ભૂત અનુભવ પણ કરી આવી. રાત્રિનાં બાર પછી બરફાચ્છાદિત પહાડોની વચ્ચે હૂંફ મળી.. પૂજા પાઠ કર્યા. જોયું તો ત્યાં પણ એ જ પૂજાપાઠની પદ્ધતિને એ જ શિવનું અડધું લિંગ. ભારતભરમાંથી દર્શનાર્થી ઉભરાયા હતાં એટલીજ લાઈન ને એ જ ભ્રષ્ટાચાર! હા પૈસાથી સર્વ થાય, એક પ્રશ્ન ઉઠ્યો તો શું આ પૈસાનાં પૂજારીઓને શિવજી માફ કરી દે છે ખરાં?

મનનાં શુદ્ધિકરણથી એટલું પામી કે શિવલિંગ પર દૂધ, પંચામૃત કે જળસ્રોત વહેવડાવીએ છે તેના કરતાં
ઘરમાં તમારું કાર્ય કરનાર તમારો જ ઘરના કુટુંબી જેવા માણસોને રોજ જ એક કપ દૂધ પીવડાવીએ તો? શિવલિંગને તો બે બુંદ દૂધ પણ બસ છે.. હજારો માનવી આ બે બુંદ ચઢાવે તો પણ કેટલાય લિટર થઈ જાય ને? હું ચર્ચા નથી કરવા માંગતી કારણ સૌનું મંતવ્ય અલગ છે.

મેં ત્યારથી નિશ્ચય કર્યો અને પ્રભુને બે હાથ જોડી ક્ષમા યાચતા કહ્યું ,"ઈશ્વર સૌને તેં તેમના કર્મ પ્રમાણે નાના મોટા ઉંચ નીચ કે અમીર ગરીબ બનાવ્યા છે ,પણ મારે ત્યાં છે તેને હું તરસ્યો કે ભૂખો ન મૂકી શકું માટે તને બે બૂંદને એને એના સ્વસ્થ્ય પ્રમાણે દૂધ ભોજન આપવા એ મારું કર્મ ગણું છું." ગટરમાં વહી જતાં અંધ શ્રદ્ધાનાં એ દૂધને રોકવાનો પ્રયત્ન હું મારાથી શરૂ કરું ! આજે કેટલાંય વર્ષોથી હું મારે ત્યાં ત્રણસો પાંસઠ દિવસ શ્રાવણનું મહત્વ કે શ્રાવણના સોમવારનું મહત્વ ખરા અંતઃ કરણથી મનાવું છું.

બાકી તો શિવજી તો બીલીપત્રથી જ ખુશ હોય છે!

જયશ્રી પટેલ

---

N O G SS No : 0079
વિષયઃ શ્રાવણનો મહિમા
શીર્ષકઃ શ્રાવણ આયો
ગદ્ય
પ્રવિણા કડકિઆ

શ્રાવણ માસ તેની પવિત્રતા અને પાવનતા માટે પ્રસિદ્ધ છે.
શ્રાવણ મહિનો ભલે મહાદેવ નો મહિનો ગણાતો હોય, યાદ
રાખવું જરૂરી છે , શ્રાવણ વદ આઠમ આપણે કૃષ્ણ જન્મ
રૂપે ઉજવીએ છીએ. તહેવારની ઝડી વરસે છે. શ્રાવણના
સરવરિયા સહુને મનભાવન છે.
કહેવાય છે, શ્રાવણ મહિનામાં શિવની ઉપાસના,જીવનને
અઢળક આનંદ, સફળતા અને સમૃદ્ધિ પ્રદાન કરે છે. શ્રાવણના
સોમવારના દિવસે ઉપવાસ નું મહાત્મ્ય અઢળક છે. શિવને
સમર્પિત આ મહિનો શિવ ભક્તો ના દિલમાં અગત્યનું સ્થાન
પામ્યો છે
ખગોળશાસ્ત્ર ના નિયમ પ્રમાણે હિંદુ ધર્મમાં શ્રાવણ એ ૨૨ મું
નક્ષત્ર છે. જે ખૂબ પવિત્ર મનાય છે. ચંદ્રમા આ નક્ષત્રનો રાજા છે.
જેમાં પાવનતા નો મહિમા અપાર છે.
ૐ નમઃ શિવાય અને મૃત્યુંજય મંત્રનો જાપ શિવ ભક્તો સદા
કરે છે. શ્રાવણ મહિના દરમિયાન શિવલીગની પૂજા પાણી,
દૂધ, ફુલ અને બીલીપત્રથી થાય છે. શિવ ભક્ત ખૂબ શ્રદ્ધા,
ઉમંગ અને ઉત્સાહથી શિવના ભજનો ગાય છે.
શ્રાવણ મહિનો એટલે તહેવાર નો મેળો. ભાઈ અને બહેનના
પવિત્ર સંબંધ માટે નો પવિત્ર દિવસ રક્ષાબંધન. શીતળા સાતમ,
જન્માષ્ટમી, નંદ મહોત્સવ. જૈનોના પર્યુષણ નો શુભારંભ. આપણો
આઝાદીનો દિવસ પણ તે મહિના દરમ્યાન આવતો હોય છે.આ
મહિના દરમિયાન ભગવાનનું નિત્ય સ્મરણ રહે છે. આ જીવનના
દાતાનો દિલથી આભાર માનવો એ દરેક વ્યક્તિનું કર્તવ્ય છે.
શ્રાવણ મહિનાના સોમવારે ઉપવાસ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય.
શંકરને પંચામૃત થી સ્નાન કરાવે છે. , ઉપવાસ એક ટંક ખાઈને
પણ થાય. માત્ર ફળ ખાઈને પણ ભાવિકભક્તો શ્રદ્ધા પૂર્વક વ્રત
કરે છે.
મહિના તો બધા ૩૦ દિવસના હોય છે કિંતુ શ્રાવણ મહિનો આવે
એટલે ઉમંગ ની હેલી ઉઠી હોય એમ લાગે છે. પવિત્ર માસ ની અસર
સહુને અલગ અલગ થાય છે. શ્રાવણ માસનો મહિમા અપરંપાર છે.
તેની પાવનતા નાના, મોટા, ગરીબ તવંગર સહુના દિલ ને સ્પર્શે છે.


---

NOG SS NO. .0059
પ્રકારઃગદ્ય --લેખ.
વિષય શબ્દ : 'શિવ મહિમા'.
' શ્રાવણ માસનો મહિમા'.
શીર્ષકઃ ' જે કરે શિવભકિત પ્યારે'પામે શિવશક્તિહ્
શબ્દોઃ ૨૯૦.

શિવ' શબ્દ બોલતાં કે સાંભળતાં
માનવમાત્રનાં મનોચક્ષુ સમક્ષ દેવોના દેવ મહાદેવ શંકર ભગવાનનું ચિત્ર ઉપસી આવે કેમ ખરૂં ને ,મિત્રો !
પછી તે,મૃગચર્મ ઉપર બેઠેલા
ભોલેનાથ હોય કે તાંડવ નૃત્ય કરતાં 'શિવહ્હોય, કે પછી
ગળાંમાં સર્પમાળા ધારણ કરેલાં
મહાદેવ હોય કે પછી સમુદ્રમંથન બાદ નીકળેલા
'વિષહ્ને જનહિતાર્થે,પી જનાર નીલકંઠ !
ભભૂત, બીલીપત્ર, ડમરૂ ને ત્રિશૂળ
જેટલો જ જેનો વૈભવ છતાં એ વિશ્ર્વના સૌથી મોટા વૈભવદાતા !
અને તેથી કહેવાય કે-
'રીજે તો રાજપાટ આપનાર અને ખીજે તો ખેદાન મેદાન કરે ' તેવો
ત્રિનેત્રધારી !
હળાહળ ઝેરને પણ પચાવી જનારનું વાહન છે માત્ર નાનકો નંદી.
'હર હર ભોલે', 'હર હર ભોલે'
નો મંત્ર નિર્જીવ ને પણ સજીવન
કરી આપે તેવો ચમત્કારી મહામંત્ર.અથાગ જુસ્સો પ્રેરે
તેવો આગવો મંત્ર.
સંપૂર્ણ શ્રાવણમાસ શિવભકિત નો
ગણાય છે,તો તેમાં શ્રાવણી
સોમવારનુ મહત્વ વિશેષ છે.
કાવડિયા તે દિવસે જળાભિષેક
દ્વારાં પોતાનાં મનોરથ પૂર્ણ કરેછે.
ગંગાના પ્રચંડ વેગથી પૃથ્વીને
બચાવવા શિવજીએ પોતાની
જટામાં ગંગા ધારણ કરી, ત્યારબાદ એનું અવતરણ ધરતી પર થયુંછે.જય જટાધારી.
હિન્દુ માન્યતા પ્રમાણે જે પરલોક
સિધાવેછે તે ' કૈલાસવાસી' થયાં
કહેવાયછે, આ છે શિવભકતિની અનેરી,અટલ આસ્થા
ભોળેનાથ,કૈલાસપતિ, શંકર,
મહાદેવ,ત્રિનેત્રધારી,નીલકંઠ , આશુતોષ,શિવ જેવાં વિવિધ નામધારી સમગ્રસૃષ્ટિનો સર્જનહાર અને તારણહાર ગણાય છે. જય ભોળેનાથ !
શિવપુરાણમાં પણ તેનું અલૌકિક મહત્વ બતાવ્યું છે.
'બાપ કરતાં બેટા સવાયા' ની
કહેવતની યથાર્થતા સાબિત કરતાં શિવપુત્ર શ્રીગણેશજીની દરેક કાર્યમાં સૌથી પ્રથમ સ્થાપના-પૂજા થાય છે તો સાથે તેમનો ટસમસ્ત પરિવાર પણ પૂજનીય છે-રિદ્ધિ અને સિધ્ધિ,પત્નીઓ,
લાભ-શુભ, પુત્રો.
" જે કરે દિલથી શિવ ભક્તિ,
પ્યારે' તેજ પામે શિવ શકિત'.
જયકાન્ત ઘેલાણી પ્યારે'.

---

ખૂદથી યુદ્ધ કર,
ચિત્ત ને શુદ્ધ કર.
ત્યાગ તું સર્વસ્વ ,
જાત ને બુદ્ધ કર.
શાંત થા, મૌન થા,
ખુદને ના ક્રુદ્ધ કર.
હૃદયથી બાળ થા,
બુદ્ધિ ને વૃદ્ધ કર.
શૂન્યતા ભીતરે!,
એનેય સમૃદ્ધ કર.
તત્વ ને જાણ તું,
હૃદય વિશુદ્ધ કર.
જડ છું 'સાહેબ'હું,
આવ, પ્રબુદ્ધ કર.



કાનજી ગઢવી 'સાહેબ'

## સાણંદના સમજુનાથ વાદી પાઠ્યશાળા દ્વારા ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સેવાભાવી સંસ્થા દ્વારા ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

સાણંદ તાલુકાની વિચરતી વિમુક્ત જાતિના આશરે ૭૦ ઝુંપડાઓમાં વસતા વાદી પરિવારનો ડંગો વીંછિયા ગામની સીમમાં વસવાટ કરે છે. ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલ આ સમાજ દિવસ દરમ્યાન સાણંદ અને સરખેજ જેવા વિસ્તારમાં પેટિયું રળવા જતા હોય છે. નાના બાળકો ડંગામાં બકરા ચારવા કે ઘરકામ કરતા સમય પસાર કરે છે

આ સમાજના લોકો વચ્ચે જઈને માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ દ્વારા સમજુનાથ વાદી પાઠશાળામાં ૭૫માં સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

સતત સ્થળાંતરના કારણે મૂળ શાળામાં આ બાળકો અભ્યાસ કરી શકતા નથી આથી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે માનવ સેવાએ અહીં તંબુ શાળા બનાવી અક્ષરજ્ઞાન આપવાનો પ્રયત્ન કર્યો છે. સમાજની મુખ્ય હરોળમાં આ બાળકો આવે એ માટે સેવાભાવી વ્યક્તિઓને લાવી અવાર-નવાર અહીંયા જન્મ દિવસ જેવા પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે . જેથી આ શાળાના બાળકો બહારની દુનિયા સાથે જોડાય.આવાજ ઉમદા હેતુથી આજે ફોર્ડ ઈન્ડિયા લી.ના પ્લાન્ટ હેડ શ્રી અનિલ પટેલના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું.

તેઓએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે,આપણા સમાજની સમતુલા જળવાય રહે અને બાળકોને પૂરતું ભોજન અને શિક્ષણ મળે એ આપણી પ્રથમ ફરજ છે. કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ના રહે તે જવાબદારી સમાજ અને વાલીઓએ નિભાવવાની રહે છે.

તેઓએ આઝાદીના અમૃત મહોત્સવના પવિત્ર અવસરે સૌ નાગરિકોને ઉત્તમ રાષ્ટ્ર બનાવવામાં સહભાગી બનવા સંકલ્પબધ્ધ કર્યા હતા. આ પાવન પર્વે સાણંદ કેળવણી મંડળના ટ્રસ્ટી કિલ્લોલિની બેન,સંસ્કાર વિદ્યાલયના નિવૃત આચાર્ય શ્રીવાસ્તવ સાહેબ,સંસ્કાર પ્રાથમિક શાળાના નિવૃત આચાર્યા જ્યોત્સનાબેન અને જડીબા કન્યા વિદ્યાલયના આચાર્યા સુમન બેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાંસદો અને પૂર્વ સાંસદો આઝાદીના અમૃત મહોત્સવ દરમ્યાન સક્રિય ભૂમિકા અદાકરે- ડો.વલ્લભભાઇ કથીરિયા



ભારતની પાર્લામેન્ટ દ્વારા ઈન્ડિયન પાર્લામેન્ટરી ગ્રુપની રચના કરવામાં આવી છે. જેમાં વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદ સભ્યો હોય છે જેની એકઝીક્યુટીવ કમિટિના સભ્ય તરીકે પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો.વલ્લભભાઇ કથીરીયા ઉપસ્થિત રહ્યા હતા. વર્તમાનમાં કોરોના કોવિડ-૧૯ ના કારણે લાંબા સમય બાદ એક્ઝિક્યુટિવ અને જનરલ બોડી મિટિંગ લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા ના અધ્યક્ષ સ્થાને અને રાજ્યસભા ના ઉપાધ્યક્ષ શ્રી હરિવંશજી ની વિશેષ ઉપસ્થિતિમાં મળી હતી. આ બેઠકમાં દિવંગત સાંસદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સંવિધાન સભાના ઠરાવ મુજબ આ પાર્લામેન્ટરી ગ્રુપ દેશની સંસદીય પ્રણાલી, લોકતંત્ર, સામાજીક કાર્યો અને વિદેશો સાથે સંબંધો જેવા વિષયો વિશે અવારનવાર વિચાર વિમર્શ કરી મહત્વના સૂચનો ની આપ-લે કરે છે. ભૂતપૂર્વ સાંસદોના અનુભવો અને કાર્યપ્રણાલી તથા તેમના દ્વારા થતા લોકસેવા, રાષ્ટ્ર સેવા અને સમાજસેવાના કાર્યો વર્તમાન સાંસદોને પ્રેરણા રૂપ બનતા હોય છે. જે માટે એક વિશેષ સ્મારિકા તૈયાર કરવાનું સૂચન ડો. વલ્લભભાઇ કથીરિયા એ કર્યું હતું. સાથે આઝાદી ના અમૃત મહોત્સવ દરમ્યાન લોકતંત્ર ની ૭૫ વર્ષની આઝાદીની ઉપલબ્ધિઓ તથા સાંસદોની ની ભૂમિકા વગેરે વિષયો પર કોન્ફરન્સ-સેમિનાર-વેબીનાર આયોજિત કરવાનું મહત્વનું સૂચન કર્યું હતું. ડૉ. કથીરિયાએ આ પ્રસંગે તેમના રાષ્ટ્રીય કામધેનુ આયોગના બે વર્ષની કામગીરીની " ગૌસેવા... રાષ્ટ્ર..." સેવા પુસ્તિકા અર્પણ કરી હતી. પુસ્તિકાથી રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરિવંશજી પણ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

આ બેઠકમાં કેન્દ્રીય મંત્રીશ્રી પિયુષ ગોએલ, શ્રી મતિ ભાવનાબેન દવે , શ્રી રતિલાલ વર્મા, રામસિંહ રાઠવા, સહિત અનેક પૂર્વ અને વર્તમાન સાંસદોએ અનુભવોની આપલે કરી ભારતીય લોકશાહીની ઉચ્ચ પરંપરાને અનુરૂપ આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે કાર્યક્મોં યોજવા અનુરોધ કર્યો હતો.

# રાજ્યમાં સોળમી ઓગસ્ટ સુધીમાં ૪ કરોડથી વધુ વેકસીનના ડોઝ અપાયા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે કોરોના વેકસીન ઝૂંબેશ વેગવંતી બનાવી અત્યાર સુધીમાં ૪ કરોડથી વધુ વેકસીનના ડોઝ આપવાની સિદ્ધિ મેળવી છે.

રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરની વયના રસીકરણ માટે પાત્રતા ધરાવતા કુલ ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકોમાંથી અત્યાર સુધીમાં ૩ કરોડ ૦૭ લાખ ૬૩ હજાર ૯૪૧ લોકોને પ્રથમ ડોઝ અને ૯૮ લાખ ૭૪ હજાર ૬૯૬ લોકોને બીજો ડોઝ એમ સમગ્રતયા ૪,૦૬,૩૮,૯૧૦ ડોઝ દ્વારા લોકોનું વેકસીનેશન થયું છે.

સોમવારે તા.૧૬મી ઓગસ્ટે એક જ દિવસમાં રાજ્યભરમાં ૪.૫૮ લાખથી વધુ વેકસીનના ડોઝ આપવામાં આવ્યા છે.

સમગ્ર રાજ્યમાં તા.૧૬ જાન્યુઆરી-૨૦૨૧થી રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો.

રસીકરણ માટે પાત્રતા ધરાવતા ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકોમાંથી પ્રથમ તબક્કામાં હેલ્થ કેર વર્કરોને રસી આપવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં કુલ ૬.૨૩ લાખ હેલ્થકેર વર્કરને પ્રથમ ડોઝ તેમજ ૫.૨૨ લાખ હેલ્થકેર વર્કરને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

સમગ્ર દેશમાં ફ્રન્ટલાઈન વર્કરોનું રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તા. ૩૧મી જાન્યુઆરી-૨૦૨૧થી ફ્રન્ટલાઇન વર્કરોનું રસીકરણ સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૧૩.૪૩ લાખ ફ્રન્ટલાઈન વર્કરોને પ્રથમ ડોઝ તથા ૧૦.૬૦ લાખને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

ત્યારબાદ ૧ લી માર્ચ-૨૦૨૧ના રોજથી ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા તથા ૪૫ થી ૫૯ વર્ષ ઉંમરના અન્ય રોગ ધરાવતા નાગરિકોને રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. તા. ૧લી એપ્રિલ-૨૦૨૧ના રોજથી ૪૫ વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૪૫થી વધુ ઉંમર ધરાવતા રાજ્યના કુલ ૧.૩૬ કરોડ લોકોને પ્રથમ ડોઝ તેમજ ૭૨.૧૩ લાખ વ્યક્તિઓને બીજો ડોઝ આપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ તા. ૧ મે-૨૦૨૧ના રોજથી રાજ્યમાં રાજ્યના ૭ કોર્પોરેશન તથા ૩ જિલ્લા માં ૧૮-૪૪ વર્ષ વય જુથ માટે રસીકરણની કામગીરી અને તા. ૪ થી જુન-૨૦૨૧થી રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં આ વય જુથમાં રસીકરણની કામગીરી શરૂ થઈ છે.

અત્યાર સુધીમાં આ વય જુથના ૧.૫૧ કરોડ પ્રથમ ડોઝ અને ૧૦.૭૭ લાખ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

આમ, સમગ્રતયા તા. ૧૬.૦૮.૨૦૨૧ સુધીમાં રાજ્યમાં તમામ જુથોના ૩,૦૭,૬૩,૯૪૧ લોકોને પ્રથમ ડોઝ તથા ૯૮,૭૪,૯૬૯ લોકોને બીજો ડોઝ મળી કુલ ૪ કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવ્યા છે...

# મનરેગા યોજનાના મજૂરોને ત્રણ મહિનાનું બાકી વેતન તાત્કાલિક ચુકવવા લાડાણીની સરકારમાં રજૂઆત

શ્રમીક મજૂરોને આજીવિકા મળી રહે અને મોંઘવારીમાં ભૂખ્યા ન રહેવું પડે તે માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર મારફત મનરેગા યોજના અમલમાં મુકેલ છે.આ યોજનામાં ચેકડેમો, તળાવ ઊંડા ઊતરવા સહિતના અનેક કામોનો સમાવેશ થાય છે પરંતુ તેમને સમયસર ક્યારેય વેતન ચૂકવાતું ન હોવાથી હજારો ગરીબ મજૂરોને ભૂખ્યા પેટે સૂઈ રહેવું પડે છે. સરકાર આ લોકોની વાત ક્યારેય ગંભીરતાથી નથી લેતી. એક બાજુ મોંઘવારી બીજી બાજુ બેકારી બંનેની વચ્ચે મજુર તથા મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે.

જૂનાગઢ જિલ્લાના આવા શ્રમિક મજૂરોએ જિલ્લા પંચાયત જૂનાગઢ ના સદસ્ય તથા માણાવદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ અરવિંદભાઈ લાડાણી પાસે પોતાને ત્રણ ત્રણ મહિનાથી કરેલા કામનું વેતન ન મળ્યાની રાવ કરતા અરવિંદભાઈ લાડાણી એ તાકીદથી મુખ્યમંત્રી તેમજ સંબંધિત વિભાગને પત્ર લખી આ શ્રમિક મજૂરોને તાકીદ થી ત્રણ મહિનાનું વેતન ચુકવવા રજૂઆતો કરી છે. આ અંગે અરવિંદભાઈએ જણાવ્યું છે કે મનરેગા યોજનાના કામોમાં જે શ્રમિકો એ કામ કર્યું છે તેમને મે મહિનાથી આજ સુધીનું હજી પણ ત્રણ મહિનાનું મહેનતાણું ચૂકવાયું નથી.જૂનાગઢ જિલ્લામાં કુલ ત્રણ કરોડ ૮૩ લાખનું ચુકવણું બાકી છે જેમાં માણાવદર તાલુકામાં ૨૬ લાખનું વંથલી તાલુકામાં ૧૨ લાખનું વેતન ચૂકવવાનું બાકી છે ગુજરાત રાજ્યમાં જોઈએ તો આ આંકડો કરોડો રૂપિયાને પાર કરી જાય તેટલો છે.

પાંચ વર્ષ પુરા કર્યાની ઉજવણી માં જો આ મનરેગા યોજનાનું બાકી રહેલું ચૂકવણું કર્યું હોત તો તે લેખે લાગી હોત. હજારો ગરીબોની હાઇ લઈને કરેલી ઉજવણી કોઈ ફળ નહીં આપે.સરકાર આવા તાયફા પાછળ નાણા બગાડવાનું બન્ધ કરે અને શ્રમિકોને તથા આ યોજના સાથે સંકળાયેલા કર્મચારીઓને પણ ત્રણ મહિનાનું બાકી વેતન ચૂકવે તો તેમના સાતમ-આઠમના તહેવારો સારી રીતે ઉજવાઇ શકે એમ અરવિંદભાઈએ મુખ્યમંત્રી તથા અન્ય વિભાગો સમક્ષ રજૂઆતો કરી છે

અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## સેવા અને સહકારીતાની ભાવનાથી ખેડૂતોના સમૃધ્ધિના દ્વાર ખુલ્યા

# ખેડબ્રહ્મા ખાતે નવિન માર્કેટયાર્ડ તથા ઇડર માં સાબરકાંઠા બેંકની નવિન શાખાના ભવનનું લોકાપર્ણ કરાયું



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે નવનિર્મિત માર્કેટયાર્ડ તથા ઇડર સહકારી બેંકના નવિન મકાનનું લોકાપર્ણ સહકારી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા ખાતે રૂ. ૪૩૩થી વધુ લાખના ખર્ચે તૈયાર થયેલા માર્કેટયાર્ડનું લોકાપર્ણ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના થકી રાજ્ય સરકાર કૃષિ પેદાશોને સંગ્રહિત કરવાના અધતન મકાન બનાવવા સહાય આપે છે. જે અંતર્ગત ખેડબ્રહ્મા ખાતે આજે અંત્યત સુવિધાજનક ભવન બનાવવાનું શક્ય બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર માત્ર ભવનો જ બનાવતી નથી પરંતુ ખેડૂતોને તેમના તૈયાર થયેલા પાકનો પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરી તેના મોંધા મોલનો સાચો ભાવ પણ આપે છે. મંત્રીશ્રીએ સાત પગલા ખેડૂત કલ્યાણની યોજનાની વાત કરતા ઉમેર્યુ હતું કે, ટ્રેકટર, રોટાવેટર સહિત ખેતીકીય ઓજાર ખરીદવાથી માંડીને તેમણે ખેતરમાં વાવેલા પાકને બજાર સુધી લઇ જવા સાધન સહાય સહિત ગોડાઉન બનાવવાની સહાય રાજ્ય સરકાર પુરી પાડી રહી છે. તેમણે કૃષિક્ષેત્રે આવેલા આમૂલ પરીવર્તનની વાત કરતા કહ્યુ હતુ કે, રાજયના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરી જેથી ખેડૂતો વૈજ્ઞાનિક અભિગમથી ખેતી કરતા થયા, ખેડૂતોને સર્ટીસફાઇડ બિયારણ અને ખાતર મળતા તેમના પાકના ઉત્પાદતામાં વધારો થયો અગાઉ કૃષિ વિકાસ દર ૧૫હજાર કરોડ હતો જે આજે વધીને એક લાખ ૫૦ હજાર કરોડ સુધી પંહોચ્યો છે.

મંત્રીશ્રીએ રૂ. ૨.૩૦ કરોડના ખર્ચે ઇડર ખાતે તૈયાર થયેલ સાબરકાંઠા બેંકની નવિન શાખાનું લોકાપર્ણ કરતા કહ્યુ હતુ કે, ખેડૂતોની નાના-નાની મૂડીને જતન કરવાનું ગામડાની આવી સહકારી બેંકો કરી રહી છે. ખેડૂતો અગાઉ શાહુકારો પાસેથી વ્યાજે નાણા લઇ વ્યાજના ખપ્પરમાં ખૂંપી જતા હતા તેમનો હાથ પકડી તેમણે આ વ્યાજના ચકકરમાંથી બહાર લાવવાનું કામ કર્યું. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂત કલ્યાણકારી યોજનાથી તેમને આજે તેમને વગર વ્યાજે પાક ધિરાણ આપવામાં આવે છે. આઝાદીના સમયગાળાથી સહકારી પ્રવૃતિ કાર્યરત છે. અમૂલ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સેવા અને સહકારના સુલભ સમન્વયથી ખેડૂતો માટે સમૃધ્ધિના નવા દ્વાર ખુલ્યા છે.

આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, અગાઉ ખેડૂતોને પોતાના હક્ક માટે આંદોલન કરવા પડતા હતા જયારે આજે ખેડૂતોને વગર માંગે તેમના ખાતામાં કિસાન સન્માન નિધી દ્વારા વાર્ષિક રૂ. ૬ હજારની સહાય આપવામાં આવે છે. આજે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ દેશના ૪૦ કરોડ લોકોને આવરી લેવાયા છે. ખેડૂતો માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકીને ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવાની દિશામાં રાજ્ય સરકારે અનોખી પહેલ કરી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયસભાના સાંસદ શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોનાકાળમાં મહિલાઓ આર્થિક રીતે પગભર બની રહે તે માટે મહિલા ઉત્કર્ષ યોજના શરૂ કરીને વગર જામીને રૂ. એક લાખની સહાય પુરી પાડવામાં આવી છે.

ઇડરની નવિન શાખાના લોકાપર્ણ પ્રસંગે સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજયની ૧૮ સહકારી બેંકો પૈકી સાબરકાંઠા જિલ્લા બેંક શ્રેષ્ઠ છે. સાબરકાંઠા બેંકે ખેડૂતો સાથે નાતો જોડવાનું કામ કર્યુ છે. બેંકે માઇક્રોમેનેજમેન્ટ થકી વચેટીયાઓની પ્રથા દૂર થઇ છે. ચેરમેન દ્વારા બેંકમાં લોકલ ડિપોઝીટ વધારવાની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં શાખા વધારવાનું કામ કર્યુ છે. આજે વિશ્વના ૧૦૮ દેશો સહકારી ભાવના સાથે કામ કરી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે ઇડરના ધારાસભ્ય શ્રી હિતુ કનોડીયા અને જિલ્લા અગ્રણી શ્રી જે.ડી.પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.

ખેડબ્રહ્મા માર્કેટ યાર્ડના લોકાપર્ણ પ્રસંગે સ્વાગત આવકાર આપતા ચેરમેન શ્રી જશુભાઇ પટેલે જણાવ્યું હતું કે, ખેડબ્રહ્મા માર્કેટયાર્ડનું નિર્માણ થતા આસપાસના ૧૩૬ ગામના ધરતીપુત્રોને સીધો લાભ થશે.

ઇડરની નવિન શાખાના લોકાપર્ણ પ્રસંગે મહેમાનોને આવકારતા બેંકના ચેરમેન શ્રી મહેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, બૃહદ જિલ્લામાં ૧૩૦ શાખાઓ કાર્યરત છે. જેમાં ૬૦૦થી વધુ સેવા સહકારી મંડળીઓ તથા ૧૮૦૦થી વધુ દૂધ ઉત્પાદક મંડળીઓનું યોગદાન સમાયેલુ છે.

કાર્યક્રમમાં સાસંદ શ્રી દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરૂભાઇ પટેલ, સાબરડેરીના ચેરમેન શ્રી શામળભાઇ પટેલ, સહકારી અગ્રણી શ્રી જેઠાભાઇ પટેલ, પૃથ્વીરાજભાઇ પટેલ, તખતસિંહ હડિયોલ,રાજેન્દ્રસિંહ ભાટી, કનુભાઇ પટેલ, અશ્વિનભાઇ પટેલ સહિત બેંક/માર્કેટયાર્ડના ડિરેક્ટરશ્રીઓ તેમજ સહકારી આગેવાનો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતા

માલજીદેસાઈ સાબરકાંઠા

# બ્રીજ ઑરચિડ સોસાયટી ગાંધીનગર માં અમૃત મહોત્સવ ઉજવાયો



ગાંધી નગર ના નવા વિસ્તાર માં ખ રોડ પર આવેલી બ્રીજ ઑરચિડ સોસાયટી ગાંધીનગર જે તાજેતરમાં જ અસ્તિત્વમાં આવી છે તેવી નવી સોસાયટી માં રાષ્ટ્ર ભાવના પ્રેરિત આઝાદી ના ૭૫ વર્ષ ની ઉજવણી નિમિતે અમૃત મહોત્સવ,૧૫ મી ઑગસ્ટ ૨૦૨૧ ના રોજ ખૂબ સુંદર રીતે ઉજવાયો, આ કાર્યક્રમ માં ધ્વજા રોહણ સામાજિક કાર્યકર અને ભારતીય જનતા પાર્ટી ના મહાનગર પાલિકા ગાંધી નગર ના ભાવિ કોર્પોરેટર મહાનગર ગાંધી તેમજ નગર ના ઉમેદવાર શ્રી હિતેશ મકવાણા ના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં શ્રી ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર હિન્દી ગુજરાતી કવિ લેખક, મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ, અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ના ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ, શ્રી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને આઝાદી ના અમૃત મહોત્સવમાં તીરંગા હાઉસ અને ૧૯ વર્ષીય યુવાન જે હાથમાં ગીતા લઈ ફાંશી ને માંચડે હસ્તે મુખે શહિદ થયેલ ખૂંદીરામ બૉસ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે નિવૃત પ્રોફેસર શ્રી ડૉ વૈષ્ણવ સાહેબ દ્વારા આઝાદી ના અમૃત મહોત્સવમાં પોતાનું વક્તવ્ય આપ્યું હતું

આ કાર્યક્રમ માં સોસાયટી ના આગેવાન અને કાર્યકર શ્રી વિનોદભાઈ પટેલ નિવૃત શિક્ષણ વિભાગ, શ્રી કલ્યાણ વૈષ્ણવ પૂર્વ પ્રોફેસર, શ્રી ધનજીભાઈ પરમાર, ભાવિ કોર્પોરેટર શ્રીમતી કૈલાસ બેન કોર્પોરેટ મહાનગર પાલિકા ના ઉમેદવાર તેમજ સોસાયટી ના તમામ ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

આ કાર્યક્રમ માં બાળકોએ રાષ્ટ્ર ભાવના પ્રેરિત ગીતો ગાઈ મંત્ર મુગ્ધ કરી દીધા હતા, આ પ્રસંગે બાળકોએ સુંદર ડાંસ કર્યો હતો. તેઓ ને પ્રોત્સાહન આપવા માટે સુંદર ભેટ પણ મહાનુભાવો ના હસ્તે આપવામાં આવી હતી. સોસાયટી ના એક દાતા શ્રી એ આ ભેટ ની વ્યવસ્થા સ્વ ખર્ચે કરી હતી.તમામ બાળકોને ભેટ આપી પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમ માં વૃક્ષારોપણ કાર્યક્રમ માં શ્રી વિનોદ ભાઇ પટેલ , શ્રી ડૉ ગુલાબચંદ પટેલ તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી અનિલભાઈ જે પરમાર, શ્રીમતી કૈલાસ બેન તથા ધનજીભાઈ પરમાર તથા શ્રીબ્રીજ ઑરચિડ સોસાયટી ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ નું સંચાલન શ્રી મયુર ભાઈ મકવાણા દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં સોસાયટી ના બાળકો માટે સુંદર નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

ડૉ ગુલાબચંદ પટેલ

# યંગ સોશ્યલ ગ્રુપ -પંચેશ્વર ટાવર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી ...!!




યંગ સોશ્યલ ગ્રુપ પંચેશ્વર ટાવર જામનગર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને સ્વામિનારાયણ મંદિરનાં શાસ્ત્રી સ્વામીશ્રી ચતુર્ભુજદાસજી સ્વામી તેમજ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે સેબી રજિસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ - ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટનાં શ્રી નિખિલભાઈ ભટ્ટનાં વરદહસ્તે ધ્વજવંદન પ્રસંગની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી મેયર તેમજ યંગ સોશિયલ ગ્રૂપનાં સલાહકાર સ્વ શ્રી ભરતભાઈ મહેતાને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, આ તકે જામનગરનાં મેયરશ્રી બીનાબેન કોઠારી, શાસકપક્ષના નેતા શ્રીમતી કુસુમબેન પંડયા, વોર્ડ નંબર ૯ના કોર્પોરેટર શ્રી નિલેશભાઈ કગથરા, શ્રી ધીરેનભાઈ મોનાણી, શ્રીમતી ધર્મીનાબેન સોઢા, વોર્ડ નંબર ૧૫ના કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા જાડેજા, શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી આકાશભાઈ બારડ, રાજકીય અગ્રણી શ્રી ચીનાભાઈ, શ્રી હરીશચંદ્રસિંહ જાડેજા, GTPL મીડિયાનાં શ્રી જયેશભાઈ રૂપારેલીયા, ડૉ. D. P. શાહ, શ્રી હર્ષિલ ભરતભાઈ મહેતા, શ્રી અજયભાઈ શેઠ, શ્રી જયેશભાઈ જોશી, શ્રી જગદીશભાઈ દુલાની, શ્રી કેતનભાઈ બદયાની, શ્રી મનહરભાઈ ત્રિવેદી, શ્રી પ્રવીણસિંહ જાડેજા, શ્રી દિનેશભાઈ આલ, શ્રી નિલેશભાઈ ઓઝા, શ્રી ભરતભાઈ મોદી, શ્રી વિરમભાઇ ઠુંગા, શ્રી હિરલભાઈ ભટ્ટ, શ્રી મૃગેશભાઈ દવે, શ્રી વિરલભાઈ બારડ, શ્રી ભરતભાઈ કલ્યાણી, શ્રી ભાવેશભાઈ કોઠારી, શ્રી સંદીપભાઈ પરમાર, શ્રી બીમલભાઈ સોનછત્રા, શ્રી યુનુસભાઈ સમા, શ્રી જીતુભાઈ મકવાણા ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહિત બનાવ્યો હતો.

યંગ સોશ્યલ ગ્રુપનાં સલાહકાર શ્રી નિખિલભાઈ ભટ્ટ નાં સહયોગી આયોજનથી તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી પ્રવીણસિંહ સોલંકી, શ્રી હાસમભાઇ મલેક, શ્રી જયભાઇ દોશી, શ્રી મહેશભાઈ રાવલ, શ્રી જયેશભાઈ વસા, શ્રી વિમલભાઈ સોની, શ્રી મનોજભાઈ સોલંકી, શ્રી રાજેશભાઈ રાવલ તેમજ શ્રીમતી શર્મીલાબા સોલંકી, શ્રીમતી જ્યોતિબેન મોખા અને શ્રીમતી મીનાબેન રાવલ વગેરે જહેમત ઉઠાવેલ હતી.

# શ્રી દામુભાઈ શુક્લ મા.શાળા-પાલડીમાં ૭૫-મો સ્વાતંત્રદિન ઉજવાયો



ભારતની આઝાદીના ૭૫-માં સ્વાતંત્ર દિવસની ઉજવણી નિમિત્તેશ્રી દામુભાઈ શુક્લ માધ્યમિક શાળા- પાલડીના શિક્ષકશ્રી રમેશકુમાર જોષી અને સુરેશભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વંદે માતરમ, ઝંડા ઊંચા રહે હમારા, ગીત સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

જેમાં આચાર્ય શ્રી ભાઈલાલભાઈ પટેલ અને સાગરવાલા સાહેબના માર્ગદર્શન નીચે શ્રી દામુભાઈ શુક્લ શૈક્ષણિક સંકુલના તમામ સ્ટાફ શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી અને દરેકના મોં મીઠા કર્યા હતા



મહાત્મા ગાંધી વિનય મંદિર માંડલના કર્મનિષ્ઠ કર્મચારી ભરતકુમાર બી દવે વય મર્યાદા ને કારણે નિવૃત્ત થતા સન્માન કાર્યક્રમ યોજાય ગયો જેમાં શાળા પરિવાર ની હાજરી માં સંસ્થાના આચાર્ય મનુભાઈ પાવરા સાહેબ નિવૃત્ત થતા કર્મચારીને મુમેન્ટ આપી સન્માન કરે છે.

## 'ત્રિરંગા યાત્રા્લ એકતા અને સામાજિક સૌહાર્દને મજબૂત કરશે - આચાર્ય લોકેશજી

# આઝાદીનાં અમૃત મહોત્સવ પર રાજલક્ષ્મીજીની બાઇક યાત્રા યુવાનોને પ્રેરણા આપશે - મુખ્તાર અબ્બાસ નકવી



અહિંસા વિશ્વ ભારતીનાં સંસ્થાપક આચાર્ય લોકેશજીએ આઝાદીનાં અમૃત મહોત્સવ વર્ષમાં મદુરાઈથી મનાલી સુધી આયોજિત કરવામાં આવેલી રાજલક્ષ્મીજી મિણ્ડાની એકતા યાત્રાને રાષ્ટ્રીય રાજધાની દિલ્લી સુધી પહોંચવા બદલ કેન્દ્રીય મંત્રી શ્રી મુખ્તાર અબ્બાસ નકવીની સાથે યાત્રાનું અભિવાદન કરીને તેમને શુભકામનાઓ આપી. આ અવસર પર આચાર્ય લોકેશજીએ કહ્યું કે આઝાદીની ૭૫મી વર્ષગાંઠ પર રાજલક્ષ્મીજી મિણ્ડાની એકતા યાત્રા એ ભારતની પ્રાચીન સંસ્કૃતિ અનેકતામાં એકતાનો સંદેશો આપવાનું કાર્ય કરી રહી છે. તેમણે જણાવ્યું કે આ યાત્રાથી ભારતની બહુલતાવાદી સંસ્કૃતિનો પ્રચાર થશે અને તે દ્વારા એકતા, અખંડતા, શાંતિ, સૌહાર્દ જળવાશે. કેન્દ્રીય અલ્પસંખ્યક કાર્ય મંત્રી શ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું કે એક સ્ત્રી થઈને પણ દેશભક્તિમાં ઓતપ્રોત રાજલક્ષ્મીજી અને એમની ટીમ દેશની એકતા માટે ત્રિરંગા યાત્રા કરી રહી છે એ ખૂબ પ્રશંસાજનક છે. આ યાત્રા દ્વારા સમાજમાં નફરત, હિંસા અને ધૃણાનો ભાવ મટી જશે અને લોકો વચ્ચે સદભાવ અને ભાઈચારો સ્થાપવાનું કાર્ય કરશે. રાજલક્ષ્મીજીએ પોતાની ત્રિરંગા યાત્રાનાં સંદર્ભમાં જણાવ્યું કે તેઓ પોતાની ટીમ સાથે ભારતીય ત્રિરંગા સાથે મદુરાઈથી હિમાચલ પ્રદેશ અટલ ટનલ સુધી ૪૪૫૦ કિલોમીટર, ૧૨ રાજ્યોમાં થઈને ૧૯ દિવસોમાં પૂર્ણ કરશે. તેમણે જણાવ્યું કે આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં અનેકતામાં એકતા અને યુવાઓમાં દેશભક્તિ પેદા કરવાનો છે. તેમણે આચાર્યજી અને કેન્દ્રીયમંત્રી નકવીને એમની ઉપસ્થિતી બદલ ધન્યવાદ આપ્યા. આ અવસર પર આચાર્યજીએ ભાજપ દિલ્લી સંગઠનનાં મહામંત્રી સિધ્ધાર્થજી, પૂર્વ મેયર જયપ્રકાશજી, ભાજપનાં નેતા કુલજીત ચહલ અને ત્રિરંગા યાત્રાનાં રાજલક્ષ્મીજીને શુભકામનાઓ આપી.

# અરવલ્લીમાં તસ્કરોની જમાવટ : મોડાસાની ભાગ્યલક્ષ્મી સોસાયટી તસ્કરોની સોફ્ટ ટાર્ગેટ વધુ એક બંધ મકાનમાં ત્રાટકી ચોરીને અંજામ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ



મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકીએ જમાવટ કરી હોય તેમ સતત ઘરફોડ ચોરી, બાઈક ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે શની-રવીની રજાઓમાં બંધ મકાન,દુકાનમાં તસ્કર ટોળકી ત્રાટકી ચોરી-લૂંટ કરી રફુચક્કર થઈ જતા રહેણાંક વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીગ સઘન બનાવવા માંગ પ્રબળ બની છે મોડાસા શહેરની ભાગ્યલક્ષ્મી સોસાયટી ઘરફોડ ચોર ટોળકી માટે સોફ્ટ ટાર્ગેટ હોય તેમ થોડા મહિના અગાઉ બે બંધ મકાનમાંથી લાખ્ખો રૂપિયાની ચોરીની ઘટના પછી વધુ એક બંધ મકાનને તસ્કર ટોળકી એ નિશાન બનાવી રાત્રી દરમ્યાન બંધ મકાનના તાળા-નકૂચા તોડી અંદાજે રૂપિયા ૫૧ હજાર રૂપિયાના મુદ્દામાલની ચોરી થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે ટાઉન પોલીસના નાઈટ પેટ્રોલીંગના દાવાની ઘરફોડ ચોર ટોળકી હવા કાઢી નાખી હતી. મોડાસા સહયોગ ચોકડી થી રાણાસૈયદ બાયપાસ રોડ પર છેવાડે આવેલી ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા અને નગરપાલિકામાં ફરજ બજાવતા નિલેશભાઈ પ્રવીણભાઈ પટેલ પરીવાર સાથે અમદાવાદ ગયા હતા ત્યારે રાત્રીના સુમારે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા મુખ્ય દરવાજાને લગાવેલ તાળું નકુચા સાથે તોડી નાખી ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ ઘરની અંદરની તીજોરી,કબાટ સહિત લોકર તોડી નાખી સોનાની બુટ્ટી સહિતના દાગીના સહીત ૫૧ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી લીધી હતી. ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં સતત ચોરીની આ ઘટનાઓના પગલે સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો છે ટાઉન પોલીસને જાણ કરવા છતાં ત્રણ કલાક પછી ઘટનાસ્થળે પહોંચતા લોકોમાં આક્રોશ ફેલાયો હતો મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી અજાણ્યા ચોર ઈસમો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK